JAMNAGAR FACTORY OWNER'S ASSOCIATION
ESTD : 1948
75 YEARS PLATINUM JUBILEE
Plot No. 370/372, G.I.D.C. Industrial Area, Shankar Tekri,
Udyognagar, Jamnagar-361 004. (India).
+91 288-2560002-2560003 +91 94264 92698
jfoaj@yahoo.com, jfoajam@gmail.com
www.jamnagarfactoryassociation.com
Scan Me For Android Mobile Application
jfoa_jamnagar

**JFOA-23/100/SUN-290826**

## જામનગરના બ્રાસ ઉદ્યોગકારોને મળેલી જીએસટી વિભાગની નોટીશના પ્રશ્ને જામનગર દક્ષિણના ધારાસભ્યશ્રીના અધ્યક્ષસ્થાને ઉદ્યોગકારોની મીટીગ મળી.

જીએસટી વિભાગ દ્વારા ખુબજ ટુંકા સમયમાં જામનગરના ઘણા બ્રાસ ઉદ્યૌગકારોને નોટીશો આપવામાં આવેલ હતી જેના કારણે ઉદ્યોગકારોમાં નારાજગી પ્રસરી હતી. જે અનુસંધાને જામનગરના વ્યાપાર/ઉદ્યૌગજગતનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થાઓ જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશન તથા જીઆઈડીસી પ્લોટ/શેડ હોલ્ડર્સ એસોસીએશન ફેસ—૨ દ્વારા આ મુદાની ગંભીરતા સમજી યોગ્ય કક્ષાએ રજુઆતો કરવામાં આવી હતી પરંતુ તેનું સંતોષકારક નિરાકરણ નહી આવતાં જામનગરના બ્રાસઉદ્યૌગકારોમાં અત્યંત રોષ અને ચિંતાની લાગણી ફેલાયેલી હતી જેથી ઉપરોકત ત્રણેય સંસ્થાના હોદેદારશ્રીઓની સંયુકત બેઠકમાં ઉદ્યોગકારોના વિશાળ હિતમાં ના—છુટકે આંદોલનાત્મક પગલા લેવાના ફરજ પડવાની પરિસ્થિતી ઉપસ્થિત થયેલી હોવાથી પ્રથમ તબકકામાં આગામી દિવસોમાં એક દિવસ ઉદ્યૌગ બંધ રાખી, બાઈક રેલીના સ્વરૂપમાં માનનીય જીલ્લા કલેકટરશ્રીને આવેદન પત્ર પાઠવવા અને ત્યારબાદ આગળના કાર્યક્રમો તેમજ પગલા લેવા માટે વિચારણા કરવામાં આવેલી હતી.

આ પ્રશ્ને સતત ચિંતીત જામનગર તથા દેવભૂમિ દ્વારકાના સાંસદ માનનીય બહેનશ્રી પુનમબેન માડમ દ્વારા કેન્દ્ર સરકારશ્રીમાં તથા જીએસટી કાઉન્સીલમાં તથા જામનગર દક્ષિણના ધારાસભ્ય માનનીયશ્રી દિવ્યેશભાઈ અકબરી દ્વારા દરમ્યાનગીરી કરી ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી માનનીયશ્રી હર્ષ સંઘવી સાહેબ તથા રાજય નાણામંત્રી માનનીયશ્રી કમલેશભાઈ પટેલની જામનગર મુલાકાત દરમ્યાન તેઓશ્રી સમક્ષ તથા સેન્ટ્રલ જીએસટીના નાયબ કમિશ્નરશ્રી ચંદનકુમાર સાહેબને પણ રૂબરૂ મળી પ્રામાણિક કરદાતાઓને પડી રહેલી મુશ્કેલી નિવારવા માટે આ પ્રશ્નના કાયમી નિરાકરણ માટે કોઈ ચોકકસ નિતી અને માર્ગદર્શીકા ઘડી કાઢવા માટે અસરકારક રજુઆત કરવામાં આવી હતી.

આ પ્રશ્ને ઉદ્યૌગકારોને વિશેષ માહિતી આપવા તથા વર્તમાન પરિસ્થિતીતીથી વાકેફ કરવાના આશયથી ત્રણેય સંસ્થાના સંયુકત ઉપક્રમે ગત તા.:—૨૯/૦૮/૨૬ ને શનિવારના રોજ જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશન ખાતે ઉદ્યૌગકારોની જનરલ મીટીગનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં જામનગર દક્ષિણના ધારાસભ્ય માનનીયશ્રી દિવ્યેશભાઈ અકબરીની વિશેષ ઉપસ્થિતી વચ્ચે ઉદ્યોગકારો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

બેઠકની શરૂઆતમાં જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશનના પ્રમુખશ્રી રામજીભાઈ ગઢીયાએ જીએસટી વિભાગ દ્વારા ઉદ્યોગકારોને આપવામાં આવેલ નોટીશ અનુસંધાને ત્રણેય સંસ્થાઓએ સાથે મળી કરેલી સંયુકત રજુઆતો વિશે વિસ્તુત માહિતી આપી હતી. ત્યારબાદ જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખશ્રી રમણીકભાઈ અકબરી તથા જીઆઈડીસી પ્લોટ/શેડ હોલ્ડર્સ એસોસીએશન ફેસ–૨ ના પ્રમુખશ્રી વિષ્ણુભાઈ પટેલે ત્રણેય સંસ્થાઓ આ પ્રશ્નના કાયમી ઉકેલ માટે કટીબધ્ધ છે ત્યારે અને જેના માધ્યમથી આપણી રજુઆતોને વાચા મળી રહી છે તેવા આપણા ઉદ્યોગજગતનું પ્રતિનિધિત્વ કરતાં બન્ને લોક પ્રતિનિધિ દ્વારા સરકાર સમક્ષ સતત અને અસરકારક રજુઆતો કરવામાં આવી રહી છે ત્યારે તેમના પ્રયત્નો તથા પ્રતિબધ્ધતા પર વિશ્વાસ રાખવા અનુરોધ કરેલ હતો.

આ પ્રસંગે ઉપસ્થિત જામનગર દક્ષિણના ધારાસભ્ય માનનીયશ્રી દિવ્યેશભાઈ અકબરીએ તેમના ઉદબોધનમાં કે જણાવેલ કે જીએસટી કાયદાની જટીલ જોગવાઈઓને કારણે છેલ્લા ઘણા સમયથી ઉદ્યોગકારો કેટલી મુશ્કેલી અનુભવી રહયા છે એ એક ઉદ્યોગકાર તરીકે આ સમસ્યાઓ હું સારી રીતે સમજી શકુ છું. આ કાયદો સમગ્ર ભારત દેશની સ્ક્રેપ ઈન્ડસ્ટ્રીઝને સ્પર્શે છે ત્યારે પ્રામાણિક કરદાતાઓને મુશ્કેલી ન થાય તે માટે એક વિશેષ નિતી અને માર્ગદર્શીકા તૈયાર કરવા માટે કેન્દ્ર સરકારશ્રી તથા રાજય સરકારશ્રી બન્ને ગંભીરતાથી વિચારી રહી છે અને ઉદ્યોગજગતના લોક પ્રતિનિધી તરીકે તેઓ, માનનીય સાંસદ બહેનશ્રી પુનમબેન માડમ તથા ત્રણેય સંસ્થાઓ સતત પ્રયત્નશીલ છે ત્યારે થોડી ધિરજ રાખી હાલના તબકકે કોઈ આંદોલનાત્મક પગલા નહી ભરવા માટે વ્યાપાર/ઉદ્યોગજગતનું પ્રતિનિધિત્વ કરતી ત્રણેય સંસ્થાના માધ્યમથી વિનમ્ર અનુરોધ કરેલ હતો.

આમ સરકારશ્રીનો ઉદ્યોગલક્ષી અભિગમ, કેન્દ્ર તથા રાજય સરકારશ્રીમાં બ્રાસઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતાં બન્ને લોક પ્રતિનિધીઓના નિષ્ઠાપુર્વકના પ્રયત્નો, તથા ત્રણેય સંસ્થાઓ દ્વારા સંયુકત રીતે કરવામાં આવી રહેલી અસરકારક રજુઆતોને લીધે નજીકના ભવિષ્યમાં આ પ્રશ્નનો કાયમી ઉકેલ આવે તેવું વાતાવરણ ઉભું થયું છે.




(મેહુલ ડી. જોબનપુત્રા)
માનદમંત્રી